Seat No. : 50260

# DC-101

**December-2024**

**B.Com., Sem.-III**

**DSC-C-TAX-233 : Taxation-1**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

સૂચનાઓ : (1) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.
(2) દરેક પ્રશ્નોની જરૂરી ગણતરી તમારા જવાબના ભાગરૂપે દર્શાવો.

1. (A) "પરોક્ષ કરવેરાના ફાયદા અને ગેરફાયદા" વિશે નોંધ લખો. 5

(B) "શખસોનું મંડળ (AOP) અને વ્યક્તિઓનો સમૂહ (BOI)" વચ્ચેનો તફાવત જણાવો. 5

અથવા

1. (A) "કર પરિવર્જન અને કરવેરાનું આયોજન" વચ્ચેનો તફાવત જણાવો. 5

(B) "સેટલમેન્ટ કમિશન" વિશે ટૂંકનોંધ લખો. 5

2. (A) શ્રી સાત્વિક કુમાર જેઓ ભારતીય નાગરિક છે તેઓ છેલ્લા 12 વર્ષથી કેનેડામાં નોકરી કરતા હતા, પરંતુ તેઓ 1લી ઓગસ્ટ, 2023ના રોજ ભારતની મુલાકાતે આવે છે અને તા. 30મી એપ્રિલ, 2024 સુધી ભારતમાં રહે છે.
આકારણી વર્ષ 2024-'25 માટે તેમનો રહેઠાણનો દરજ્જો નક્કી કરો. 5

(B) આવકવેરાના કાયદા મુજબ નોકરી કરનાર કર્મચારીઓને લગતી પાંચ કરમુક્ત આવકો જણાવો. 5

અથવા

2. (A) શ્રી તત્વની આકારણી વર્ષ 2024-'25 સાથે સંબંધિત પાછલા વર્ષ માટેની આવકની વિગતો નીચે મુજબ હતી : 5

| | | (₹) |
|---|---|---|
| (1) | જયંત ડેવલપમેન્ટ બોન્ડ્ઝનું વ્યાજ ($\frac{1}{6}$ રકમ ભારતમાં મળી છે.) | 3,00,000 |
| (2) | અમેરિકામાં કમાયેલ ખેતીની આવક (જે ત્યાં મેળવ્યા પછી ભારતમાં મોકલાવેલ છે.) | 2,00,000 |
| (3) | અમદાવાદમાં ચાલતા ધંધાનો નફો (જેનું સંચાલન અમેરિકામાંથી થાય છે.) | 40,000 |
| (4) | અમેરિકામાં ધંધાથી ઉપાર્જિત આવક (જેનું નિયંત્રણ અને સંચાલન ભારતમાંથી થાય છે.) | 50,000 |

નીચે જણાવેલ દરેક સ્થિતિમાં શ્રી તત્વની આકારણી વર્ષ 2024-'25 માટે કુલ ગ્રોસ આવક શોધો :
(1) જો તેઓ રહીશ અને સામાન્ય રહીશ હોય.
(2) જો તેઓ રહીશ પરંતુ સામાન્ય રહીશ ન હોય.
(3) જો તેઓ બિન રહીશ હોય.

(B) "મૂળ સ્થાનેથી કપાયેલ આવકવેરો" વિશે ટૂંકનોંધ લખો. 5

@geniusguruji

3. શ્રી પૂજારામ એક ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. નીચે આપેલી માહિતી પરથી આકારણી વર્ષ 2024-'25 માટે તેમની પગારની કરપાત્ર આવકની ગણતરી કરો : 4.

(1) મૂળ પગાર ₹ 50,000 માસિક

(2) મોંઘવારી ભથ્થું (મૂળ પગારના 30%)

(3) શિક્ષણ ભથ્થું (2 બાળકો માટે) ₹ 700 માસિક

(4) મનોરંજન ભથ્થું ₹ 1,000 માસિક

(5) હોસ્ટેલ ભથ્થું (તેમનો એક બાળક હોસ્ટેલમાં ભણે છે) ₹ 2,000 માસિક

(6) ટ્રાન્સપોર્ટ ભથ્થું ₹ 1,000 માસિક

(7) માન્ય પ્રોવિડન્ટ ફંડમાં કંપની તરફથી મૂળ પગારના 14% લેખે ફાળો ઉમેરાય છે, જ્યારે શ્રી પૂજારામે મૂળ પગારના 14.5% લેખે રકમ આપેલ છે.

(8) તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં 10.5%ના દરે ₹ 63,000 વ્યાજ જમા થયેલ છે.

(9) માલિકે 1.6 ક્યૂબીક કેપેસિટીના એન્જિનની મોટરકાર (ડ્રાઈવરની સગવડની સાથે) આપેલ છે, જેનો ઉપયોગ અંશતઃ ધંધા માટે અને અંશતઃ અંગત હેતુ માટે થાય છે. આ અંગેનો બધો ખર્ચ માલિક પોતે ભોગવે છે.

(10) કર્મચારીએ ચૂકવેલ વ્યવસાય વેરો (માસિક) ₹ 200

**અથવા**

3. (A) દેવમ લિમિટેડના કર્મચારી શ્રી સમર્થને તા. 15મી ડિસેમ્બર, 2023ના રોજ નિવૃત્તિ વખતે, 1972ના ગ્રેચ્યુઈટી ચૂકવણી ધારા હેઠળ ₹ 17,00,000ની ગ્રેચ્યુઈટી મળી છે. તેઓ આ કંપનીમાં 29 વર્ષ અને 7 માસ સુધી નોકરીમાં હતા. નિવૃત્તિ વખતે તેમને મોંઘવારી ભથ્થા સહિતનો માસિક પગાર ₹ 80,600 લેખે મળ્યો હતો. કરમુક્ત અને કરપાત્ર ગ્રેચ્યુઈટીની ગણતરી કરો. 5

4.

(B) શ્રી ચેતન એક કંપનીના વેચાણ વિભાગના વડા તરીકે સેવા આપે છે. નાણાંકીય વર્ષ 2023-'24 માટે તેમના પગારની વિગતો નીચે મુજબ હતી : 5

(1) મૂળ પગાર ₹ 2,50,000

5.

(2) બોનસ ₹ 16,000

(3) વેચાણ પર 0.25% લેખે કમિશન ₹ 50,000

(4) મોંઘવારી ભથ્થું (પ્રોવિડન્ટ ફંડના લાભો માટે ગણાતું નથી) ₹ 30,000

(5) શિક્ષણ ભથ્થું (બે બાળકોના શિક્ષણ ખર્ચ માટે) ₹ 8,400

(6) કર્મચારીના રહેઠાણ માટે 20 લાખની વસ્તીવાળા શહેરમાં કંપનીની માલિકીનું વગર ભાડાનું મકાન આપ્યું છે, જેનું વાર્ષિક વાજબી ભાડું ₹ 40,000 છે.

આકારણી વર્ષ 2024-'25 માટે વગર ભાડાના મકાનની સવલતની કરપાત્ર કિં...



@geniusguruji

4. શ્રી તત્વમ ત્રણ મકાનોના માલિક છે. નીચે આપેલ માહિતીના આધારે આકારણી વર્ષ 2024-'25 માટેની મકાન મિલકતની કરપાત્ર આવક શોધો : **10**

| વિગત | મકાન નં.-1 (સ્વ-વપરાશ) ₹ | મકાન નં.-2 (રહેઠાણ માટે ભાડે આપેલ) ₹ | મકાન નં.-3 (સ્વ-વપરાશ) ₹ |
|---|---|---|---|
| (1) મ્યુનિસિપલ આકારણી – વાર્ષિક | 2,60,000 | 3,20,000 | 1,68,000 |
| (2) ખરેખર ભાડું – માસિક | – | 24,000 | – |
| (3) વાજબી ભાડું – વાર્ષિક | 2,50,000 | 3,36,000 | 1,80,000 |
| (4) પ્રમાણિત રેન્ટ – વાર્ષિક | – | 3,28,000 | – |
| (5) ભાડૂઆતે ચૂકવેલ સ્થાનિક વેરા | – | 10,000 | – |
| (6) ભાડું ઉઘરાવવાનો ખર્ચ | – | 5,000 | – |
| (7) નહિ મળેલ ભાડું | – | 1 માસ | – |
| (8) મકાન ખાલી રહ્યાનો સમય | – | 2 માસ | – |
| (9) તત્વમે ચૂકવેલ સ્થાનિક વેરા | 21,000 | 25,000 | 20,000 |
| (10) બાંધકામ માટે લોનનું વ્યાજ | 30,000 | 10,000 | 28,000 |
| (11) મૂડીકૃત વ્યાજ (1/5) | – | 15,000 | 20,000 |
| (12) વીમો | 15,000 | 10,000 | 20,000 |
| (13) મકાન બાંધકામ પૂરું થયાની તારીખ | 1-4-2016 | 31-3-2019 | 31-3-2020 |

**અથવા**

4. (A) શ્રી ઓમની માલિકીના મકાનનું બાંધકામ 31-3-2017ના રોજ પૂરું થયું હતું. આ મકાન માસિક ₹ 3,000થી રહેઠાણ માટે ભાડે આપેલ હતું. પરંતુ તા. 30-11-2023ના રોજ ભાડૂઆતે મકાન ખાલી કર્યા પછી શ્રી ઓમ તે મકાનનો અંગત રહેઠાણ માટે ઉપયોગ કરે છે. મ્યુનિસિપલ આકારણી મુજબના પ્રમાણસર વાર્ષિક મૂલ્યના 15% લેખે ₹ 4,500ના વેરા ચૂકવ્યા છે.
આકારણી વર્ષ 2024-'25 માટે આ મકાનનું ચોખ્ખું વાર્ષિક મૂલ્ય શોધો. **5**

(B) મકાન-મિલકત માટે ઉછીની લીધેલી મૂડી પર વ્યાજની કપાતની આવકવેરાની જોગવાઈઓ જણાવો. **5**

5. સાચો વિકલ્પ પસંદ કરો : (કોઈપણ દસ) **10**

(1) ટેક્સની ગણતરીમાંના હેતુથી જ્યાં-જ્યાં સરચાર્જ લાગુ પડતો હોય ત્યાં __________ નો લાભ મળવાપાત્ર છે.

(a) સીમાંત આવક (b) સીમાંત રાહત (c) સીમાંત લાભ (d) એકપણ નહીં

(2) નીચેના પૈકી કઈ આવક ખેતીની આવક નથી ?

(a) પુનઃ સ્થાપિત વૃક્ષના વેચાણની આવક

(b) બિયાં (seeds)ના વેચાણની આવક

(c) ખેતી માટેની ઉપયોગમાં લેવાતી જમીનનું ભાડું

(d) ખેતીવાડી ફાર્મના મેનેજર તરીકે મળતી આવક

@geniusguruji

(3) કોઈ શખસની આકારણીની બાબતમાં ઈન્કમટેક્સ ઓફિસર્સ અધિકાર ક્ષેત્ર અંગે વિવાદ હોય તો તે નક્કી કરવાની સત્તા કોની પાસે છે ?

(a) સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ પાસે

(b) ડાયરેક્ટર જનરલ/ચીફ કમિશનર કે ઈન્કમટેક્સ કમિશનર પાસે

(c) એસેસી પાસે

(d) જોઈન્ટ કમિશનર/જોઈન્ટ ડાયરેક્ટ ઓફ ઈન્કમટેક્સ પાસે

(4) જો વ્યક્તિ સંબંધિત પાછલા વર્ષ દરમિયાન કુલ 182 કે વધુ દિવસ ભારતમાં રહી હોય તો તેનો રહેઠાણનો દરજ્જો _______ નો કહેવાય.

(a) કરદાતા (b) રહીશ

(c) માની લીધેલ રહીશ (d) સામાન્ય રહીશ

(5) બહાદુરી માટે પુરસ્કાર મેળવનાર સૈનિકોને મળતું પેન્શન _______ ગણાય.

(a) કરપાત્ર (b) અંશતઃ કરમુક્ત (c) કરમુક્ત (d) અંશતઃ કરપાત્ર

(6) જો પાછલા વર્ષમાં નીચે જણાવેલ રકમથી વધુ રકમ ટેક્સ તરીકે ભરવાપાત્ર હોય તો જ કરદાતાની એડવાન્સ ટેક્સ ભરવાની જવાબદારી બને છે :

(a) ₹ 1,500 થી વધુ (b) ₹ 5,000 થી વધુ (c) ₹ 10,000 થી વધુ (d) ₹ 2,500 થી વધુ

(7) શ્રી M મહિને ₹ 50,000નો પગાર અને ₹ 15,000નું મોંઘવારી ભથ્થું મેળવે છે. માલિક કર્મચારી Mનો ₹ 40,000 આવકવેરો પણ ભરપાઈ કરી આપે છે. આકારણી વર્ષ 2024-'25 માટે શ્રી Mનો ગ્રોસ પગાર કેટલો હશે ?

(a) ₹ 8,20,000 (b) ₹ 6,00,000 (c) ₹ 7,80,000 (d) ₹ 6,40,000

(8) કર્મચારીના સંતાનના હોસ્ટેલ ખર્ચ માટે સંતાન દીઠ માસિક કેટલું ભથ્થું કરમુક્ત ગણાય ?

(a) ₹ 300 (b) ₹ 150 (c) ₹ 100 (d) ₹ 200

(9) 'સ્વૈચ્છિક નિવૃત્તિ વખતે મળેલ વળતર'ની કરમુક્તિ અંગેની મહત્તમ મર્યાદા શું છે ?

(a) ₹ 3,00,000 (b) ₹ 3,50,000 (c) ₹ 5,00,000 (d) ₹ 2,40,000

(10) મ્યુનિસિપલ ભાડું (વાર્ષિક) ₹ 1,00,000, ખરેખર મળેલ ભાડું (વાર્ષિક) ₹ 75,000 અને પ્રમાણિત ભાડું (વાર્ષિક) ₹ 80,000 હોય તો અપેક્ષિત ભાડું _______ થાય.

(a) ₹ 1,00,000 (b) ₹ 1,75,000 (c) ₹ 75,000 (d) ₹ 80,000

(11) જો મકાનના પુનઃ બાંધકામ માટે તા. 1-4-1999 પહેલા લોન લીધેલી હોય તો વધુમાં વધુ વાર્ષિક _______ વ્યાજ કપાત તરીકે બાદ મળે.

(a) ₹ 2,00,000 (b) ₹ 50,000 (c) ₹ 35,000 (d) ₹ 30,000

(12) કોઈપણ _______ સ્વ-વપરાશના મકાનનું 'ચોખ્ખું વાર્ષિક મૂલ્ય' શૂન્ય ગણવામાં આવશે.

(a) એક (b) ત્રણ (c) બે (d) એકપણ નહીં

@geniusguruji

# DC-101

**December-2024**

**B.Com., Sem.-III**

**DSC-C-TAX-233 : Taxation-1**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**Instructions :** (1) Figures in the right indicate the marks of questions.
(2) Show necessary working notes of each question as part of your answer.

1. (A) Write a note on merits and demerits of Indirect Taxes. 5
(B) Give difference between "Association of Persons (AOP) and Body of Individuals (BOI)." 5

**OR**

1. (A) Give difference between "Tax Avoidance and Tax Planning". 5
(B) Write short note on "Settlement Commission". 5

2. (A) Shri Satvik Kumar, an Indian citizen, is employed in Canada for the last 12 years. He returned to India on 1st August, 2023 and stayed in India up to 30th April, 2024. Determine his residential status for the assessment year 2024-'25. 5
(B) Give a list of any five Incomes of employees which are fully exempted. 5

**OR**

2. (A) Shree Tatva furnishes the following particulars of his income earned during the previous year relevant to the assessment year 2024-'25 : 5

| | | (₹) |
|---|---|---|
| (1) | Interest on Jayant Development Bonds (one-sixth is received in India) | 3,00,000 |
| (2) | Agricultural Income earned in America (received there but later on remitted to India) | 2,00,000 |
| (3) | Profits from a business in Ahmedabad (managed from America) | 40,000 |
| (4) | Income from business in America (Controlled and managed in India) | 50,000 |

In each of the following situation, find out the total gross income of Shree Tatva for the assessment year 2024-'25 :
(1) If he is resident and ordinary resident
(2) If he is resident but not ordinary resident
(3) If he is non-resident

(B) Write short note on "Tax deducted at source". 5



@geniusguruji

3. Shree Pujaram is working as a manager of a private company. Calculate the taxable income of his salary for the assessment year 2024-'25 from the information given below : **10**

(1) Basic pay ₹ 50,000 (per month)

(2) Dearness allowance (30% of basic pay)

(3) Education allowance (for two children) ₹ 700 p.m.

(4) Entertainment allowance ₹ 1,000 p.m.

(5) Hostel allowance (for one child studying in hostel) ₹ 2,000 p.m.

(6) Transport allowance ₹ 1,000 (per month)

(7) The company contributes 14% of basic salary in his Recognised Provident Fund, while Shree Pujaram has paid 14.5% of basic salary.

(8) Interest credited to Recognised Provident Fund is ₹ 63,000 at the rate of 10.5%.

(9) The employer has provided a chauffeur-driven car; all expenses are borne by the employer. The car is for office and private use and has 1.6 cubic capacity engine.

(10) Professional tax paid by him (per month) ₹ 200.

**OR**

3. (A) Shri Samarth, an employee of Devam Ltd. receives ₹ 17,00,000 as gratuity (under the Payment of Gratuity Act, 1972) on his retirement on 15th December, 2023. He has served the company for a total period of 29 years and 7 months. At the time of retirement his monthly salary including dearness allowance amounted to ₹ 80,600. Compute the exempted and taxable gratuity. **5**

(B) Shri Chetan serves as the head of Sales Department of a Company. The details about his remuneration for the financial year 2023-'24 are as follows : **5**

(1) Basic salary ₹ 2,50,000

(2) Bonus ₹ 16,000

(3) Commission on sales (@ 0.25%) ₹ 50,000

(4) Dearness allowance (not considered for provident fund benefits) ₹ 30,000

(5) Education allowance (for educational expenses of two children) ₹ 8,400

(6) The company has provided him a rent-free accommodation owned by the company, whose annual fair rent is ₹ 40,000. The population of the city is 20 lakhs.

Determine the taxable value of perquisite of rent-free accommodation provided to him for the A.Y. 2024-'25.

@geniusguruji

4. Shree Tatvam is the owner of three houses. From the following details, find out the taxable income from house property for the A.Y. 2024-'25 : **10**

| Particulars | House No. 1 (Self-Occupied) | House No. 2 (Let-Out for Residence) | House No. 3 (Self-Occupied) |
|---|---|---|---|
| (1) Municipal Value (Annual) | 2,60,000 | 3,20,000 | 1,68,000 |
| (2) Actual receivable rent (p.m.) | – | 24,000 | – |
| (3) Fair rent (Annual) | 2,50,000 | 3,36,000 | 1,80,000 |
| (4) Standard rent (Annual) | – | 3,28,000 | – |
| (5) Municipal taxes paid by tenants | – | 10,000 | – |
| (6) Rent collection cost | – | 5,000 | – |
| (7) Outstanding rent | – | 1 month | – |
| (8) Vacancy period | – | 2 month | – |
| (9) Municipal taxes paid by Tatvam | 21,000 | 25,000 | 20,000 |
| (10) Interest on construction Loan | 30,000 | 10,000 | 28,000 |
| (11) Capitalised interest (1/5 ) | – | 15,000 | 20,000 |
| (12) Insurance | 15,000 | 10,000 | 20,000 |
| (13) Date of completion of construction | 1-4-2016 | 31-3-2019 | 31-3-2020 |

**OR**

4. (A) The construction of the house owned by Mr. Om was completed on 31st March, 2017. The house was let out for residence on a monthly rent of ₹ 3,000 up to 30th November, 2023. Thereafter, Mr. Om occupied it for his own residence. He has paid ₹ 4,500 as municipal tax (@ 15% of the proportionate municipal valuation). Find the 'Net Annual Value' of this house for the assessment year 2024-'25. **5**

(B) State the income tax provisions of deduction of interest on capital borrowed for house-property. **5**

5. Select the correct option : (Any **Ten**) **10**

(1) For the purpose of computation of tax, wherever the Surcharge is applicable, a deduction of __________ is available.

(a) Marginal revenue (b) Marginal relief

(c) Marginal benefit (d) None

(2) Which of the following incomes are not agricultural Incomes ?

(a) Income from sale of replanted trees.

(b) Income derived from sale of seeds.

(c) Rent derived from land used for agriculture.

(d) Remuneration of a manager of an agricultural farm.

@geniusguruji

(3) Who shall determine the jurisdiction of an Assessing Officer to assess any person (in case of any dispute in this regard) ?

(a) The Central Board of Direct Taxes
(b) The Director General/Chief Commissioner or Commissioner of Income Tax
(c) The Assessee
(d) The Joint Commissioner/Joint Director of Income Tax

(4) If the individual has stayed in India during the previous year, for a minimum period of 182 days or more his residential status is called ________.

(a) Taxpayer
(b) Resident
(c) Deemed resident
(d) Ordinarily resident

(5) Pension to gallantry award winners received by armed forces is

(a) Taxable
(b) Partly tax free
(c) Exempt from tax
(d) Partly Taxable

(6) The advance tax is payable by the assessee if the amount during the previous year :

(a) exceeds ₹ 1,500
(b) exceeds ₹ 5,000
(c) exceeds ₹ 10,000
(d) exceeds ₹ 2,500

(7) Mr. M gets a monthly salary of ₹ 50,000 and D.A. of ₹ 15,000. The employer is also reimbursed ₹ 40,000 as income tax on Mr. M's income. What would be the Gross Salary of Mr. M for the assessment year 2024-'25 ?

(a) ₹ 8,20,000 (b) ₹ 6,00,000 (c) ₹ 7,80,000 (d) ₹ 6,40,000

(8) How much monthly allowance per child is tax free for hostel expenses of employee's child ?

(a) ₹ 300 (b) ₹ 150 (c) ₹ 100 (d) ₹ 200

(9) What is the maximum amount of exemption in case of 'compensation received on voluntary retirement' ?

(a) ₹ 3,00,000 (b) ₹ 3,50,000 (c) ₹ 5,00,000 (d) ₹ 2,40,000

(10) Municipal Rent (Annual) ₹ 1,00,000, Actual Received Rent (Annual) ₹ 75,000 and the Standard rent (Annual) is ₹ 80,000, then the expected rent is ________.

(a) ₹ 1,00,000 (b) ₹ 1,75,000 (c) ₹ 75,000 (d) ₹ 80,000

(11) If loan taken before 1-4-1999 for reconstruction of building, maximum annual ________ interest is deducted as deduction.

(a) ₹ 2,00,000 (b) ₹ 50,000 (c) ₹ 35,000 (d) ₹ 30,000

(12) The 'net annual value' of any ________ self-occupied residential houses will be taken to be Nil.

(a) One
(b) Three
(c) Two
(d) None

@geniusguruji